દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫

યુરોપમાં વિદેશીઓ માટેનો રોષ ઉગ્ર બન્યો છે

ગયા વર્ષે યુકેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જેની નોંધ લેવાઇ હતી તેવી એક મોટી ઘટના બની હતી જેમાં હજારો ઇમિગ્રન્ટ્સ વિરોધીઓએ લંડનમાં કૂચ કરી હતી અને ‘તેમને ઘરે મોકલો!’ના નારા લગાવ્યા હતા. આ રેલી બ્રિટનમાં સ્થાનિક પ્રજામાં વધી રહેલા ઇમિગ્રન્ટ એટલે કે વિદેશોથી આવતા લોકો પ્રત્યેના રોષનું પ્રતિબિંબ હતી. છેલ્લા કેટલાક સમયમાં યુકેમાં ઇમિગ્રન્ટ વિરોધ લાગણી વધતી ગઇ છે અને આવું જ યુરોપના બીજા પણ કેટલાક દેશોમાં થયું છે. આ માટે વિદેશથી આવતા લોકોનું સાંસ્કૃતિક આક્રમણ, સ્થાનિક લોકોની છીનવાતી રોજગારીની તકો ઉપરાંત વિદેશથી આવેલા, ખાસ કરીને આફ્રિકન દેશોમાંથી આવેલા લોકોની ગુનાખોરીના બનાવોમાં નોંધપાત્ર સંડોવણી વગેરે બાબતો કારણભૂત જણાય છે.

યુકેમાં - અને સમગ્ર યુરોપમાં - ઇમિગ્રન્ટ્સ અને ઇમિગ્રન્ટ મૂળ ધરાવતા લોકોને ખુલ્લેઆમ રાક્ષસ તરીકે ચીતરવાનું તીવ્ર બની રહ્યું છે. આ બાબત હવે ત્યાં અનેકના રાજકીય એજન્ડાને આગળ ધપાવે છે અને જમણેરી પક્ષો લોકપ્રિયતા મેળવી રહ્યા છે. કેટલાક યુરોપિયન દેશોમાં, મોટા પાયે દેશનિકાલની તરફેણ કરતા અને ઇમિગ્રેશનને રાષ્ટ્રીય ઓળખ માટે ખતરા તરીકે દર્શાવતા રાજકીય પક્ષો ઓપિનિયન પોલ્સમાં ટોચ પર અથવા તેની નજીક આવે છે. રિફોર્મ યુકે, એલાયન્સ ફોર જર્મની અને ફ્રાન્સનો નેશનલ રેલી પક્ષ આના ઉદાહરણો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જેમણે તાજેતરમાં અમેરિકામાં સોમાલી ઇમિગ્રન્ટ્સને કચરો કહ્યો હતો અને જેમની રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના યુરોપિયન દેશોને ઇમિગ્રેશન દ્વારા જોખમમાં મૂકાયેલા તરીકે દર્શાવતી હતી, તેઓ યુરોપની બરછટ, ઇમિગ્રન્ટ વિરોધી લાગણીઓને સમર્થન અને પ્રોત્સાહન આપતા દેખાય છે. વધતા તણાવ વચ્ચે, યુરોપના મુખ્ય પ્રવાહના પક્ષો ઇમિગ્રેશન પર કડક વલણ અપનાવી રહ્યા છે અને ક્યારેક જાતિ વિશે વિભાજનકારી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. “જેને એક સમયે ખૂબ જ જમણેરી રાજકારણના અત્યંત છેવટના છેડા તરીકે નકારી કાઢવામાં આવતું હતું તે હવે રાજકીય ચર્ચાનો કેન્દ્રિય ભાગ બની ગયું છે,” એમ ક્વીન્સ યુનિવર્સિટી બેલફાસ્ટમાં બ્રિટિશ ઇતિહાસના લેક્ચરર કિઅરન કોનેલે જણાવ્યું હતું.

છેલ્લા દાયકામાં કેટલાક યુરોપિયન દેશોમાં ઇમિગ્રેશનમાં નાટ્યાત્મક વધારો થયો છે, જેનું મુખ્ય કારણ આફ્રિકા, મધ્ય પૂર્વ અને યુક્રેનમાં સંઘર્ષોથી ભાગીને યુરોપ આવેલા લાખો આશ્રય શોધનારાઓ છે. જો કે, કુલ ઇમિગ્રેશનમાં આશ્રય શોધનારાઓનો હિસ્સો થોડો છે, અને નિષ્ણાતો કહે છે કે જુદી સંસ્કૃતિ અને ઇમિગ્રેશન પ્રત્યેનો અણગમો વિવિધ પરિબળોના મિશ્રણથી ઉદ્ભવે છે. નિષ્ણાતો કહે છે કે 2008 ના વૈશ્વિક નાણાકીય કટોકટી પછીના વર્ષોમાં આર્થિક સ્થિરતા, પ્રભાવશાળી રાષ્ટ્રવાદી રાજકારણીઓનો ઉદય અને સોશિયલ મીડિયાનો ધ્રુવીકરણ પ્રભાવ આ બધા ભૂમિકા ભજવે છે. યુરોપભરમાં, એલાયન્સ ફોર જર્મની, ફ્રાન્સની નેશનલ રેલી અને હંગેરિયન વડા પ્રધાન વિક્ટર ઓર્બનની ફિડેઝ પાર્ટી જેવા જમણેરી પક્ષો દ્વારા વંશીય રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. અમેરિકા અને કેનેડામાં પણ ઇમિગ્રેશન વિરોધી લાગણી વધી છે પરંતુ યુરોપના દેશોમાં તે વધુ તીવ્ર થયેલી જણાય છે. આમાં ખાસ કરીને આફ્રિકનો તરફનો રોષ વધારે છે પરંતુ સ્થિતિ વધુ વણસે તો ભારતીયો પણ અડફેટે આવી શકે છે આથી ભારતીયોએ પણ સાવધ રહેવું જરૂરી છે.

માણસની શક્તિઓ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

બ્રહ્માજીએ માણસનું સર્જન કર્યું તેને હદય અને બુદ્ધી આપી, થોડા વખતમાં બ્રહ્માજીને સમજાઈ ગયું કે મેં અત્યાર સુધી સર્જેલા બધા પ્રાણીઓમાં આ સર્વશ્રેષ્ઠ સર્જન છે.તે પોતાની મગજની બુદ્ધી શક્તિ અને તનની તાકાત અને મનની હિંમતથી જે ઈચ્છે તે કરી શકશે અને જે મેળવવું હશે તે મેળવી શકાશે.અને જો દુનિયાભરની વિવિધ શક્તિઓ તે મેળવી લેશે તો તે દેવો બરાબર થઇ જશે.હવે બ્રહ્માજી મૂંઝાયા કે શું કરવું?? બ્રહ્માજીએ વિચાર્યું કે હું બધી શક્તિઓને પર્વતની ટોચ પર છુપાડી દઉં કે પછી કોઈ ઘનઘોર જંગલની ગુફામાં છુપાડી દઉં જયાં માણસ પહોંચી જ ન શકે પછી પોતાના જ તર્કને ખોટો પડતા તેઓ બોલ્યા પણ મેં તો માણસને બુદ્ધિવાન બનાવ્યો છે એટલે આજે નહિ તો કાલે તે પર્વતની ટોચ કે જંગલની ગુફામાં પહોંચી જ જશે. બ્રહ્માજી આ વિચારોમાં હતા ત્યાં નારદજી ત્યાં આવ્યા અને બોલ્યા, ‘નારાયણ નારાયણ, ભગવન ક્યાં ઊંડા વિચારોમાં ખોવાયેલા છો?’બ્રહ્માજીએ પોતાના મનની મુશ્કેલી નારદજીને જણાવી.નારદજીએ કહ્યું, ‘તમે બધી જ શક્તિઓને સમુદ્રના પેટાળમાં છુપાડી દદઈએ તો ??’બ્રહ્માજી બોલ્યા, ‘ના ના માણસ ક્યારેક સમુદ્રના પેટાળ સુધી પણ પહોંચી જ જશે.’નારદજી બોલ્યા, ‘તો પછી ચાલો આ પ્રશ્ન લઈને વૈકુંઠ જઈએ ભગવાન વિષ્ણુજી જ માર્ગ દેખાડશે.’બ્રહ્માજી અને નારદજી વૈકુંઠ પહોંચ્યા નારદજીએ બધી વાત ભગવાન વિષ્ણુને કરી કહ્યું, ‘નારાયણ નારાયણ, પ્રભુ હવે આ મુશ્કેલીનો તમે જ રસ્તો બતાવો, બ્રહ્માજીએ સર્જેલું બુદ્ધિશાળી પ્રાણી માણસ જો બધી શક્તિઓ સુધી પહોંચી જશે તો દેવોની નજીક પહોંચી જશે માટે આ બધી શક્તિઓને ક્યાં છુપાડી દઈએ??’વિષ્ણુજી હસ્યા અને બોલ્યા, ‘મને એક સ્થાન ખબર છે .જ્યાં માણસ કોઈ દિવસ નહિ પહોંચી શકે??’બ્રહ્માજી ઉતાવળે બોલ્યા, ‘ભગવન, મને જલ્દી તે સ્થાન કહો.’ભગવાન વિષ્ણુ બોલ્યા, ‘તે સ્થાન છે માણસનું પોતાનું અંતર મન......!!!’બ્રહ્માજી ખચકાટ સાથે બોલ્યા,‘પ્રભુ હું માણસને બધી શક્તિથી દુર રાખવા માંગું છું અને તમે કહો છો કે બધી શક્તિઓને તેના અંતરમનની અંદર જ છુપાડી દઉં ??’વિષ્ણુજીએ કહ્યું, ‘બ્રહ્મદેવ, માંસ પર્વત પર પહોંચશે ,ગુફામાં પહોંચશે અને સમુદ્રના ઊંડાણ સુધી પણ પહોંચી જશે પણ મને ખબર છે કે તે કયારેય પોતાની અંદર પોતાના અંતરમનમાં ઝાંકીને નહિ જુએ ...પોતાની અંદર જ શક્તિઓ રહેલી છે તેની તેને ખબર જ નહિ પડે કારણ કે તેનું બધું જ ધ્યાન બહારની દુનિયામાં જ રહેશે અને કદાચ કોઈ મનુષ્ય અંતર મનમાં ઝાંકીને શક્તિઓએ ઓળખશે અને યોગ્ય ઉપયોગ કરશે તો ભલે તે દેવ તુલ્ય થતો પરંતુ મોટાભાગના માણસો પોતાની અંદર રહેલી શક્તિઓને કયારેય ઓળખી જ નહિ શકે.’વિષ્ણુજીએ શક્તિઓ છુપાડવાનું સુરક્ષિત સ્થાન બતાવ્યું. ચાલો, જાગો અને પોતાની અંદર છુપાયેલી શક્તિઓને ઓળખો.

ગુજરાતમાં નવી શિક્ષણનીતિનો અમલ એટલે ‘આંખનું કાજળ ગાલે ઘસ્યું’

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

ગુજરાતમાં શિક્ષણના નામે હવે માત્ર મનોરંજન છે. ધર્મમાં ચાલતા કર્મકાંડ બાબતે ગુજરાતી કવિ અખાના છપ્પાને સમજવો હોય તો ગુજરાતનું શિક્ષણજગત જુવો. મેડમ મોન્ટેસરીથી માંડીને ગિજુભાઈ બધેકા સુધીના તમામ શિક્ષણની ચિંતા કરનારા હવે માથું પકડીને બેસી જાય અને એકી અવાજે બોલે કે “મેંને એસા તો નહીં કહા થા” ખુદ મેકોલે આપઘાત કરે જો હાલ ગુજરાતમાં આવે તો.

ગુજરાતમાં શી ખબર કેમ પણ બાળકોને ભણાવનારાં વાલી એટલે કે માતા-પિતા બાળકને પ્રવેશ મળી જાય પછી તદ્દન નિર્લેપ થઈ જાય છે. શિક્ષણના બજારમાં ગ્રાહક જાગૃત હોય તો જ તેને કિંમત ચૂકવ્યાનો લાભ મળે છે. મા બાપે જાગવું જોઈએ, પૂછવું જોઈએ, જાણવું જોઈએ જ્યાં તમારું બાળક ભણે છે ત્યાં ચાલે છે શું? નિર્ણય પરીક્ષાનો હોય, સેમેસ્ટર પદ્ધતિનો હોય કે પાઠ્યક્રમ બદલવાનો. વાલી પણ એક પક્ષકાર છે અને તેનો પણ મત જાણવો જરૂરી છે. આપણે સમાજવાદી વ્યવસ્થાના એવા આદી થઈ ગયા છીએ કે સરકાર જે કરે તે બરાબર એમ માની લઈએ છીએ પણ બધી વાતમાં સરકાર ના આવે. ઘણી વાર તો સરકારને ખબર પણ નથી હોતી કે વ્યવસ્થામાં ચાલી શું રહ્યું છે. અખાએ જે વાત ધાર્મિક કર્મકાંડમાં કહી હતી તે અત્યારે ગુજરાતના શિક્ષણમાં ચાલે છે. ઉપરથી કહેવાય છે કંઈ અને જમીન પર એનો અમલ થાય છે કંઈ અને સરવાળે ભોગવવાનું આવે છે વિદ્યાર્થીઓ અને દીકરાના ઉજ્વલ ભવિષ્ય માટે જાત તોડી નાંખતાં વાલીઓને.

બન્યું છે એવું કે પહેલાં કોઈ પણ વિચાર વગર ગુજરાતના શિક્ષણમાં સેમેસ્ટર પ્રથા લાગુ કરી દેવાઈ. આપણે આ કોલમમાં અનેક વાર લખી ગયાં છીએ કે સેમેસ્ટર મુજબ ભણાવવું એ એક વ્યવસ્થા છે, સીસ્ટમ છે, તેની આગવી જરૂરિયાતો છે. જ્યાં વિદ્યાર્થી સંખ્યા ઓછી હોય, સંસ્થાઓ સ્વતંત્ર હોય ત્યાં આ પ્રથા ચાલે પણ અહીં તો આખું તંત્ર કડક સાંકળોથી બાંધેલું. કોલેજોમાં એક વર્ગમાં ૧૫૦ થી ૧૮૦ વિદ્યાર્થીઓ, આમના સાત પેપર અને એમની વર્ષમાં બે વાર આંતરિક અને બે વાર ફાઈનલ પરીક્ષા લેવાની. જે ગેરહાજર રહે તેની રી ટેસ્ટ લેવાની એટલે છ મહિનાના સેમેસ્ટરમાં એક મહિનો વેકેશન બાદ થાય પછી એક મહિનો પ્રવેશ પ્રક્રિયામાં ચાલે, પછી બચે ચાર મહિના, એમાં ત્રણ પરીક્ષા લેવાની. જરા ત્રિરાશી મૂકો. એક યુનિવર્સિટીમાં ચાર લાખ વિદ્યાર્થીઓ હોય, તેમનાં સાત પેપર હોય એટલે અઠ્ઠાવીસ લાખ પેપર દર છ મહિને તપાસવાના. આટલા જ પેપર કોલેજ કક્ષાએ તપાસવાના અને મહિનામાં રીઝલ્ટ આપવાનું હોય તો અધ્યાપકો દર મિનિટે કેટલાં પેપર તપાસે તો આ પરિણામો સમયસર મળે? આ લખનારને જે અનુભવ છે તે મુજબ આપણી કોઈ સમાચાર ચેનલે આપણી યુનિવર્સિટીના મૂલ્યાંકન કેન્દ્રોની મુલાકાત લેવા જેવી છે. કલાકના ૨૦ પેપર તપાસી શકતા પ્રામાણિક અધ્યાપકથી માંડીને કલાકમાં ૧૦૦ ખેંચી નાખ્યાના રેકોર્ડ કરનારા મળી જશે.

મૂલ્યાંકનની વાત તો બાજુએ રહી, આ પરીક્ષાઓને કારણે ચાર ચાર મહિનાના સેમેસ્ટરમાં પૂરું એક મહિનાનું સતત શિક્ષણ ના મળવાની વ્યાપક ફરિયાદો ઊઠી અને સરકારને આમ તો સેમેસ્ટર પ્રથા માટે જ ફરી વિચારવાનું હતું પણ સરકારના અધિકારીઓએ રસ્તો કાઢ્યો કે આંતરિક મૂલ્યાંકન દૂર કરી દો તો શિક્ષણનો સમય વધુ મળશે. આમ તો આંતરિક પરીક્ષા જ રદ કરવાની હતી પણ સરકારે સારા શબ્દોમાં તેને સતત મૂલ્યાંકનનું નામ આપ્યું અને સત્રાંત પરીક્ષા ના લેવા જણાવ્યું પણ સરકાર કહે, એ બધું જમીન પર થોડું થાય છે? કોલેજોનાં આચાર્યોએ પોતાની બુધ્ધિશક્તિ મુજબ આંતરિક સતત મૂલ્યાંકનનો અર્થ કાઢ્યો. કોઈએ પહેલાં લેતા’તા એમજ પરીક્ષા લેવાનું ચાલુ કર્યું, કોઈએ દર અઠવાડિયે વર્ગખંડમાં જ યુનિટ ટેસ્ટ લેવાનું ચાલુ કર્યું તો કોઈ પરાક્રમી પુરુષોએ જે પરીક્ષા એક વાર લેતા હતા તે જ બે થી ત્રણ વાર લેવાનું શરૂ કર્યું. અત્યારે ગુજરાતના કોલેજ કેમ્પસમાં આ સતત મૂલ્યાંકનનો વાઈરસ સમજણ મુજબ લાગ્યો છે અને શિક્ષણનું સત્યનાશ વળ્યું છે. હવે એન. સી. આર. ટી. ના અભ્યાસક્રમોનો મોહ લાગ્યો છે. પરીક્ષાઓ પણ હવે કેન્દ્રિત ધોરણે લેવાય છે. એન. સી. આર. ટી. અર્ધા વર્ષે કોર્સ બદલે તો ગુજરાતનું શિક્ષણ ખાતું પણ અડધા વર્ષે કોર્સ બદલે છે. પછી એ કોણ ભણાવશે, ક્યારે ભણાવશે વગેરે વ્યવહારુ પ્રશ્નો વિચારવાના નહિ અને એક અત્યંત મહત્ત્વની વાત. એન. સી. આર. ટી. દરેક ધોરણમાં શું ભણવું તેનું પ્રારૂપ નક્કી કરે છે અને વિજ્ઞાન અને ગણિતમાં આખા દેશમાં એક જ સરખું ભણવી શકાય. ભાષામાં માત્ર માળખું જ એનું સર્વનું હોય. શબ્દ શબ્દ પાઠ નહિ. વિગતે કહું તો નિબંધ, કાવ્ય, નવલકથા, નવલિકા, વ્યાકરણ એ નક્કી હોય પછી નિબંધ કયો? કાવ્ય કયું? એ તો પ્રદેશે પ્રદેશે જૂદું જ હોય? જરા એન. સી. આર. ટી. અને શૈક્ષણિક સંશોધન સંસ્થાનના માર્ગદર્શન તો વાંચવાની ટેવ પાડો!

હવે નવી શિક્ષણ નીતિમાં પ્રેક્ટીકલ જ્ઞાન ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સ્કૂલથી માંડીને કોલેજ સુધી ઈન્ટર્નશીપને મહત્ત્વ આપવામાં આવ્યું છે પણ સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે વિદ્યાર્થી જે વિષય ભણતો હોય તે જ વિષયમાં તે પ્રેક્ટીકલ જ્ઞાન મેળવશે. મતલબ કે મેડિકલમાં ભણતો વિદ્યાર્થી જેમ હોસ્પીટલમાં દર્દી તપાસની જાતમાહિતી મેળવે, પત્રકારત્વ ભણતો વિદ્યાર્થી પ્રેસ કે ચેનલમાં જઈને પ્રેક્ટીકલ જ્ઞાન મેળવે તેમ દરેક વિષયનો વિદ્યાર્થી પોતાના વિષયનું જ્ઞાન મેળવશે. હવે ગુજરાત યુનિ.એ વચલો પણ હાસ્યાસ્પદ રસ્તો કરતાં પરિપત્ર થયો કે વિદ્યાર્થી ક્યાંય પણ કામ કરશે તે ઈન્ટર્નશીપ ગણાશે. મતલબ કે ભાષાનો વિદ્યાર્થી પોતાની કરિયાણાની દુકાનમાં કામ કરશે તો પણ તે માન્ય રહેશે એટલે આ તો ખરેખર એવું થયું કે આપણે અખાના છપ્પા ભણવામાં મૂક્યા પણ એમાંથી શીખ્યા કાંઈ નહિ. “આંધળો સસરો ને સરગટ વહુ, કથા સાંભળવા ચાલ્યાં સહુ. કહ્યું કશું અને સાંભળ્યું કશું, આંખનું કાજલ ગાલે ઘસ્યું.”

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

સવારની શુભેચ્છાનાં સુરસુરિયાં

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

> **દરેકને અનુભવ હશે કે, સવાર પડે એટલે મોબાઈલમાં શુભેચ્છાનો કુંભમેળો ભરાવા માંડે. અમુક પાસે તો બ્રહ્માંડનો આધારકાર્ડ હોય એમ, એવું લખે કે, ‘આ મેસેજ સાત જણાને ‘શેર’ કરજો. તમારાં તમામ સંકટો ચપટીમાં દૂર થશે!’ ધંતુરા...! મોટામાં મોટું સંકટ તો તું જ છે**

પ્રત્યેકની સવાર સરસ જ હોય. પંખીઓને કોઈના પણ Good morning (ગુડ મોર્નિંગ) ના મેસેજ મળતા નથી, છતાં તેમની સવાર પણ ‘ટેસ્ટી’ જ હોય છે પણ માણસને આવા મેસેજ મળે તો જ ટાઢક વળે, ના મળે તો ફોન કરીને પૂછે કે, આજે કેમ ગુડ મોર્નિંગ નહિ કર્યું? મેસેજ પણ એક અ-પ્રતિબંધ નશો છે મામૂ..! એમાં ગમતો કે ગમતીનો મેસેજ નહિ મળે તો, સવાર-સવારમાં જ ખુંવાર થઈ જાય, દા’ડો બગડ્યો હોય એવો ઊહાપોહ કરી મૂકે..! ગુડ મોર્નિંગ ના હવાઈ હુમલા કરવાથી સવાર Good થતી નથી. વાતમાં તથ્ય હોય તો સાથે રહેતાં પતિ-પત્નીએ પણ એકબીજાને ગુડ મોર્નિંગના મેસેજ કરવા જોઈએ. બીજાની પત્નીને મોકલે પણ પોતાનીને નહિ, આવા પણ હશે દાદૂ..! પોતાની વાઈફને મોકલે તો ચાહ પીવા ટાણેના ઝઘડા પણ ટળે! શું કહો છો રતનજી? છાપામાં આવતાં ફરફરિયાં, ને મોબાઈલમાં આવતા સંદેશા, સુંવાળા તો લાગે. નહિ આવે તે દિવસે સુરજ પણ ઊગવાનું ભૂલી ગયો હોય એવો આઘાત લાગે. મોબાઈલ પ્રાણહીન થયો હોય એમ નિર્જીવ લાગે. એ સબ મોબાઈલ સેવાકી કમાલ હૈ મામૂ..!

જ્યાં સુધી, ફેસબુક-વ્હોટસેપ કે ઈનસ્ટાગ્રામની મફતિયા સુવિધા છે ત્યાં સુધી આ ઉછીનો વ્યવહાર તો રહેવાનો. હવાઈ-બાણો છૂટતાં રહેવાનાં. ડાહી ડાહી શિખામણો પણ આવવાની. ભલે ને ખુદના ભેજામાં મંકોડા ફરતા હોય, પણ બીજાના માટે પરદુઃખભંજક બનીને વસંતભાઈ વિક્રમ ને નગીનભાઈ નરસૈંયો બની જાય. ચચરે તો ત્યારે કે, માત્ર આપણે જ સુધરવાના બાકી રહી ગયા હોય એમ, અમુક તો રોજ ચોપડા-ચોપડા મેસેજ મોકલે. પ્રભુના સાક્ષાત્ દૂત હોય એમ, મિસાઈલ છોડે! રવલો વળી રામાયણની ચોપાઈ મોકલે! હમણાં જો ગાંઠના ગોપીચંદન કરવાના હોય તો, ખબર પડે કે, પર-સેવા કરવામાં પરસેવાન કેમ થવાય! ખુદનું ઘર ‘શકુનિ-હાઉસ’ છે એ નહિ જુએ, પણ આપણી અયોધ્યાને લંકા માને! દીવા તળેના અંધારા, દીવાને થોડા દેખાય? મેસેજ છોડવા એ પણ એક પ્રકારની ખંજવાળ છે મામૂ..! ખણે તો જ રાહત થાય! મેસેજ મોકલવા સારા છે કે ખરાબ એની પૂરી ખબર નથી. પણ એટલી ટિપ્પણ કરી શકું કે, એમનું પ્રયાણ સાચી દિશામાં તો ખરું!

શાસ્ત્રો કહે છે તેમ, તમે જેવું વિચારો તેવા જ બની શકો. એટલે ભવિષ્ય ઉજળું માની શકાય! બાકી, મુદ્દાની વાત કરું તો, ગયા વરસે નવા વર્ષની મને અઢળક શુભેચ્છાઓ મળેલી. છતાં, એક પણ શુભેચ્છા ફળેલી નહિ..! ગાય ઘરમાં આવીને શિંગડે ચઢાવી ગયેલી. હજી વ્યાજના હપ્તા ભરું છું બોલ્લો..! કોઈએ સાચું જ કહ્યું છે કે....

હાથમાં હોય શંકાનો નકશો
ને જવું છે શ્રદ્ધા સુધી
પગમાં તો લંકા ખદબદે,
ને જવું છે અવધ સુધી

પરિણામ નહિ મળે ત્યારે ઘૃણા તો થાય! સુંદર સવારને ડહોળી નાંખી, એવી ગ્લાનિ પણ થાય. પણ કરીએ શું? લોકો શું કામ ‘ડામર રોડ ઉપર ખેતી કરતા હશે, એવો વિચાર પણ આવે. એવા કલ્યાણકારી મેસેજ મોકલે કે, જાણે એ જ પહેલો ને છેલ્લો જ્ઞાની ના હોય? પણ આપણેય અસરાની જેવા, “હમ નહિ સુધરે તો આપ કૈસે સુધરોગે? અહાઆઆઆ..!”

ચમન-ચલ્લી ઉર્ફે ચમનિયાને તો તમે ઓળખો છો. બંદાએ એક પણ કથાકારને સાંભળવાનો બાકી રાખ્યો નથી. એક પણ કુંભમેળામાં ન્હાયા વગર આવ્યો નથી ને એક પણ ભંડારો ઝાપટ્યા વગરનો છોડ્યો નથી. પણ વાત છેડે ત્યારે સંતો, મહાત્મા ને ભક્ત શ્રવણની છેડે. આવા પરદુઃખભંજકના, ચોપડા-ચોપડા મેસેજ આવે ત્યારે, ગાલ ઉપર ગુમડાં ઊઠવા માંડે દાદૂ..! એટલા માટે કે, ખુદનાં માબાપ ઘરડાઘરમાં ઘરડાં થતાં હોય ને, મા-બાપની સેવા કેમ કરવી તેના શંખ ફૂંકે! બિલકુલ હાથી જેવો, ચાવવાના જુદા ને બતાવવાના જુદા! એટલે તો લોકોએ હવે એને ‘ચમન-ચલ્લી’ને બદલે, પ.પૂ.ધ.ધૂ. (પરમ પૂજ્ય ધર્મ ધુરંધર) અજ્ઞાનસાગરથી ઓળખવા માંડ્યો! સંદેશા મોકલવામાં એવો શૂરો કે, સવાર મોડી પડે, પણ એની શુભેચ્છા મોડી નહિ પડે. ક્યારેક તો સંદેશાઓ, રાતની ફ્લાઈટ પણ પકડે! એના કપાળમાં કાંદા ફોડું, આવાં લોકોએ તો ત્રિકાળ સંધ્યાનું આખું સ્વરૂપ બદલી નાંખ્યું.

કરાગ્રે વસને ફેસબુકમ, કર મુલે વ્હોટસેપમ
કર મધ્યે તુ ઈન્સ્ટાગ્રામ પ્રભાતે કર દર્શનમ્

દરેકને અનુભવ હશે કે, સવાર પડે એટલે મોબાઈલમાં શુભેચ્છાનો કુંભમેળો ભરાવા માંડે. અમુક પાસે તો બ્રહ્માંડનો આધારકાર્ડ હોય એમ, એવું લખે કે, ‘આ મેસેજ સાત જણાને ‘શેર’ કરજો. તમારાં તમામ સંકટો ચપટીમાં દૂર થશે!’ ધંતુરા...! મોટામાં મોટું સંકટ તો તું જ છે, પણ આપણે એવાં પલળી જઈએ કે, ૭ ને બદલે ૧૭ ને શેર કરીએ. હમણાં જ એક શુભેચ્છકનો મેસેજ આવ્યો કે, ‘ઘૂંટણ ટણક મારતા હોય, તો પગને સીધી લીટીમાં આસમાન તરફ ૨૦ મિનીટ સુધી લંબાવો, તમારો બેડો પાર થઈ જશે.’ તેમ કરવામાં અમારો રતનજી લાંબો થઈ ગયો બોલ્લો..! એની કેડનું કચુંબર વળી ગયું..! કેડના ચસકા હજી ટણક મારે છે. અમુક તો યાર સલાહ આપવા જ પૃથ્વી ઉપર આંટો મારવા આવ્યા હોય એમ, સલાહનો પેટારો માથે લઈને જ ફરતા હોય..! એની જાત ને...!

વાત જાણે એમ છે કે, હનુમાન ચાલીસા વાંચતો હતો તેમાં ‘જ્ઞાન ગુણ સાગર’ શબ્દ વાંચીને ‘ક્લિક’ થયું કે, હનુમાનજી કેવા સુપર-દેવ હતા..? અને આપણે કેવા અજ્ઞાન મહાસાગર..? લંકામાં સોનાનો ચળકાટ જોઈને હનુમાનજી સહેજ પણ ડગેલા નહિ, સોનાની લંકા બાળીને આવેલા..! ને આપણે લોકોનું સોનું જોઈને જીવ બાળીએ..! હનુમાનજી તો મા સીતાને શોધી લાવેલાં, ત્યારે આપણે, કોઈની ઉઠાવી લાવવામાં માહિર.! હનુમાનજી અનેક સિદ્ધિના જ્ઞાતા, ને આપણે પ્રસિદ્ધિનાં માંધાતા..! સિદ્ધિના વિનાયક કરતાં ખલનાયક વધારે..! સારું છે કે, હવે સમુદ્રમંથન થતું નથી. નહિ તો વ્હોટશેપ યુનિવર્સિટીના ગુડ મોર્નિંગ અને ડહાપણિયા સંદેશાના તાકા ને તાકા સમુદ્રમાંથી નીકળે..! ખોટું હોય તો મારી પેન્સિલ ને તમારું રબ્બર..!

એક પણ માણસ એવો ના હોય કે, જેના મોબાઈલમાં પ્રભાતિયાનાં કે, ગુણિયલ સુવિચાર આવ્યા ના હોય..! આવાં લોકો સબ બંદરકા વેપારી..! તક મળે તો, કોઈ પણ વિષય ઉપર સલાહ આપવાના માહિર..! પોતાના હાડકે ભલે પીઠી ના લાગી હોય, છતાં લગન ઉપર પણ ફિલોસોફી ઠોકે કે, ‘લગન પહેલાં બે આત્માનું મિલન કહેવાતું, આજે તો દરજી-ફોટોગ્રાફર-બ્યુટીપાર્લર અને એ બે આત્મા મળી, પાંચ આત્માનાં મિલન થાય, તો જ લગન લેવાય. એની જાતને, કન્યા વિદાય વખતે જો કન્યાના બાપા ‘કટપીસ’ જેવું રડે, તો તેને પણ સલાહ આપે કે, આવું ટુચુ-ટુચુ નહિ રડવાનું, તમે તો કન્યાના બાપ છો. મુસળધાર રડવાનું. લોકોને લાગવું જોઈએ કે, તમે બહુ દુઃખી છો. તારા કપાળમાં કાંદા ફોડું..!

લાસ્ટ બોલ

તમને પણ કહી દઉં....
મોબાઈલના મેસેજમાં પણ
આજકાલ ‘ચીટીંગ’ બહુ ચાલે
છે..! ક્યારેક મોબાઈલમાં
‘Battery law’ નો મેસેજ પણ
આવે. એ મેસેજ ‘wrong’ પણ
હોય..! માટે મોબાઈલ ચાર્જમાં
મૂકવા નહિ જવાનું. સંભવ છે
કે, મોબાઈલ ધારકના પ્રેમલા
પ્રેમલીનો પણ મેસેજ હોય..!
જેણે પ્રેમીના નામને, મોબાઈલમાં
‘battery law’ થી નોંધણી કરી
હોય..! તારા કપાળમાં કાંદા
ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

નિકાસ કરશે રૂપિયાનો વિકાસ

જે દેશની નિકાસ કરતાં આયાત વધુ હોય તે દેશની કરન્સી સતત તૂટતી રહે છે. અગાઉ કરન્સી તૂટતી હતી ત્યારે કોંગ્રેસના વડા પ્રધાન મનમોહનસિંહની સરકાર હતી અને ત્યારે એવું કહેતા હતા કે વડા પ્રધાનની ઉંમરની સાથે ડોલરના ભાવ વધતા જાય છે.હાલ હવે 90 પ્લસ ડોલરનો ભાવ થયો છે તો હવે આપણે કોની ઉંમર સાથે ડોલરના વધતા ભાવોની સરખામણી કરીશું? હાલમાં અમેરિકા પછી મેક્સિકોએ પણ ભારત પર 50 ટકા ટેરીફ નાખવાની ઘોષણા કરી છે તેનાથી ખાસ કરીને નિકાસ થતાં કપડાં પર ખૂબ જ માઠી અસર થશે. અમેરિકાએ ટેરીફ નાખતાં ભારતના ટેક્સટાઇલ સહિત અન્ય ઉદ્યોગને અસર થઈ છે અને તેમાં જો મેક્સિકો પણ 01 01 2026 થી ટેરીફનો અમલ કરશે તો તેનાથી કાપડ સહિત ઘણી પ્રોડક્ટ પર તેની અસર પડશે. કાપડ ઉદ્યોગમાં હાલમાં મંદીનો માહોલ છે. કાપડનું આપણું ઉત્પાદન હાઈ ટેક મશીન હોવાથી હવે આપણા દેશની 140 કરોડની વસ્તીના વપરાશ પછી પણ અનેકગણું વધે છે. તે કાપડ જો વૈશ્વિક દેશોમાં નિકાસ કરવામાં નહીં આવે તો આપણો કાપડ ઉદ્યોગ ખૂબ જ તકલીફમાં આવી શકે છે. આવા સમયે ભારતે વિશ્વના અન્ય દેશોમાં પણ નજર દોડાવી નિકાસ થઈ શકે તેવી કાર્યવાહી કરવી જોઈએ. આપણી નિકાસ વધે તો જ આપણો ધંધો વધશે અને આપના રૂપિયાની વેલ્યુ પણ તો જ વધશે.

સુરત - વિજય તુઈવાલા

લગ્નમાં થતો બેફામ ખર્ચ

દેશમાં લગ્નને સ્ટેટસ સિમ્બોલ તરીકે ગણવામાં આવે છે. મને ઘણી વખત પ્રશ્ન થાય છે કે લોકો લગ્નમાં વધુ પડતો ખર્ચ શા માટે કરતા હશે? જેઓ અતિ ધનવાન છે તેઓ ભલે ખર્ચ કરે પરંતુ સામાન્ય આર્થિક સ્થિતિ જેમની હોય તેમને પણ ધામધૂમથી લગ્ન કરવાની ઘણી હોંશ હોય છે ત્યારે નવાઈ લાગે છે. લગ્ન તો જીવનમાં એક જ વખત થાય છે એવું વિચારીને લગ્ન પાછળ અધધ ખર્ચ કરવામાં આવે છે. દેવું કરીને પણ માબાપ જ્યારે ખર્ચ કરે છે ત્યારે તેઓ ભવિષ્યનો વિચાર નથી કરતા. લગ્ન નક્કી થાય એટલે ભપકાદાર ખર્ચાળ આમંત્રણ કાર્ડ પાછળ થતો ખર્ચ, પ્રિ વેડિંગ વિડીયોગ્રાફી, હલ્દી રસમ, ગરબા, ડી. જે., બ્યુટી પાર્લર, બેન્ડવાજાં, ફટાકડા, વરઘોડો, ડેકોરેશન, કેટરિંગ, ડેસ્ટિનેશન મેરેજ, વિદેશમાં હનીમૂન... વગેરે પાછળના ખર્ચા હદ વટાવી રહ્યા છે. બે આત્માના મિલનનો લગ્નનો મૂળભૂત હાર્દ તો જાણે ખલાસ થઈ ગયો હોય એવું લાગે છે. લગ્નના 16 સંસ્કારોને દીવો લઈને શોધવા જવું પડે એવી પરિસ્થિતિ છે. લગ્નમાં પોતાની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે ખર્ચ કરવાને બદલે દેખાદેખીમાં વધારે પડતો ખર્ચ કરવામાં આવે છે. સાચી વાત તો એ છે કે લગ્ન પાછળ થતા ખોટા ખર્ચ ઘટાડીને સંતાનોના શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરવાની જરૂર છે.

નવસારી- ડૉ. જે. એમ. નાયક

શહેરમાં વાહન નિયમન ક્યારે થશે

ગયા અઠવાડિયામાં શહેરની ટ્રાફિક સમસ્યાના પાપે એક આશાસ્પદ ડોક્ટર યુવાન દીકરીનું સહરા દરવાજા ઓવરબ્રિજ પરથી ઊતરતી વખતે એકસીડન્ટ થવાથી મૃત્યુ થયું. પોલીસ ચોપડે એક અકસ્માત તરીકે આ ઘટના નોંધાઈ ગઈ. દર બીજા ત્રીજા દિવસે આ શહેરમાં આવી અનેક ઘટનાઓ બનતી રહી છે. દરેક ચાર રસ્તે, નાનામોટા એકસીડન્ટ અને હાથ પગ ભાંગવાના કિસ્સાઓ તો પોલીસ ચોપડે નોંધાતા જ નથી. સરકારી તંત્ર, પોલીસ ડિપાર્ટમેન્ટ અને જનતાની પણ હવે સંવેદનશીલતા મરી પરવારી છે. જ્યાં સુધી આપણે આપણું પોતાનું સ્વજન ન ગુમાવીએ ત્યાં સુધી આપણને પરિવાર પર આવી પડતું દુઃખ શું છે તે ખબર પડતી નથી. ટુ વ્હીલર વાહનોના થતા અકસ્માતોમાં હેલ્મેટ ન પહેરવું તે એક કારણ હોઈ શકે છે. અન્ય કારણોમાં રસ્તાઓ પરના ખાડાઓ, બમ્પ, અપૂરતી લાઈટની સુવિધા, લારી ગલ્લાઓ દ્વારા થતાં ગેરકાયદે દબાણો, લોડેડ ટ્રકો, ઓવર સ્પીડ વાહનો, ઓવરલોડેડ રીક્ષાઓ, બેફામ ટુ વ્હીલર્સ, રોંગ સાઈડ પર હંકારાતા ફોરવ્હીલરો જેવાં કારણોને દૂર કરવાનું કામ ટ્રાફિક પોલીસના હાથમાં છે. જો તેઓ ધારે તો ચપટી વગાડતામાં આ કામ કરી શકે છે. આ અકસ્માતોને કદાચ સંપૂર્ણપણે બંધ ન કરી શકે પરંતુ તેને ઘણે અંશે નિવારી શકે છે.

સુરત - ડૉ. હેમંત પટેલ

ખાંસીની હલકી સસ્તી નશીલી સીરપ

મેડિકલ વ્યવસાય સાથે સંકળાયેલી હોવાથી અનુભવના આધારે કહેવું પડે કે આપણા સુરત શહેરના છેવાડાના વિસ્તારમાં આવેલી પરપ્રાંતના દવાના વ્યાપારીની દુકાનમાં ખાંસીની તદ્દન હલકી સસ્તી સીરપનું ધૂમ વેચાણ થાય છે. અહીં પરપ્રાંતના ડીગ્રી વગરનાં ડોક્ટરો પ્રેક્ટીસ કરી રહ્યા છે. અહીં વસતા પરપ્રાતંના ગરીબ મજૂર વર્ગ રોજ રાત્રે આ નશીલ ખાંસીની દવા લઈ જાય છે. એ દવાની આખી બોટલ ગટગટાવી જાય છે. લાંબે ગાળે જે શરીરને બહુ ભારી નુકસાન પહોંચાડે છે. સૌથી પહેલાં એની અસર લિવર પર થાય છે. બીજી સાઈડ ઈફેક્ટ પણ થાય છે. આ દવામાં વધુ પડતું ઘેન હોવાથી એના નશાથી લોકો એના વ્યસની બની જાય છે. અહીં આ નશીલી દવા આસાનીથી મળી જાય છે. દુકાનદારોને કમાણી થાય છે. એટલે દવાનો ફુલ સ્ટોક રાખે છે. આ બધું ગેરકાયદેસર હોવા છતાં બધું લોલે લોલ ચાલે છે. અહીં મહત્ત્વની એક વાત કરવાની મૂળ સુરત શહેરમાં આવી દવાનું વેચાણ બિલકુલ થતું નથી. દુકાનદાર સમજીને આવી નુકસાનકારક હલકી દવાના વેચાણથી દૂર રહે છે. તેઓ સ્ટાન્ડર્ડ બ્રાન્ડેડ કંપનીની દવા રાખે છે. જે મોંઘી હોય છે. પરંતુ ખાંસીના દર્દી માટે અસરકારક સાબિત થાય છે. છેલ્લા કેટલાક સમયથી દેશભરમાં ઠેરઠેર નશીલી સીરપના વ્યાપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. કાયદેસર એના પર જરૂરી પગલાં ભરવામાં આવ્યાં છે, જે એક સારી નિશાની છે.

ગોપીપુરા, સુરત- જગદીશ પાનવાલા

કાયમી ધોરણે પોલીસચોકીનું નિર્માણ જરૂરી છે!

છેલ્લા 1 દાયકાથી પણ વધુ સમયથી ચૌટાબજારની દરેક દુકાનમાંની આગલ ચારથી પાંચ ફૂટ આગળ ફેરીઓયો ગેરકાયદેસર દબાણ ઉભુ કર્યું છે એ માટે ભાડા લેતા દુકાનદારો સાથે પણ શિક્ષાત્મક કાર્યવાહી જરૂરી બની છે. આ દબાણના નકારાત્મક પરીણામો સ્વરૂપ વિશેષ કરીને ચૌટાબજાર ની આસપાસ રહેતા રહેવાસીઓ અને જનરલ હોસ્પિટલ માં આવતા પેશન્ટો ને ખુબજ મુશ્કેલીઓ સામનો કરવો પડે છે. આ અંગે રાજકારણીઓ અને જનસેવકો દ્વારા નિરંતર રજુઆત કરવામાં આવી છે. અને જનસેવકો વ્દારા નિરંતર રજુઆતો કરવામાં આવી છે. પરંતુ સરેરાશ પરિણામ તો શુન્યજ મુલ્ય છે. જે દુર્ભાગ્યપૂર્ણ કાયમી ધોરણે દબાણ દૂર કરવાનો એકમાત્ર વિકલ્પ રહ્યો છે કે કમિશ્નર સાહેબ અને મનપા સંતોથી ઓના સંતુલન સંકલ્પથી આવે જેથી પેહેલેથી આવાય (પો ચોકી) મું ચૌટા બજારના નિર્માણ કરવામાં આવે જેથી દબાણ કર્તાઓ દ્વારા દબાણ ઉભુ કરવાની હિંમત નહીં કરે!

મોટા મંદિર, સુરત - રાજુ રાવલ